# Day to Day Current Affairs

**14 March-2015**

૧) સાહિત્ય વાચસ્પતિ એવોર્ડ : ગુજરાતી હિન્દીના પ્રસિધ્ધ સાહિત્યકાર તથા ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ.ચંદ્રકાંત મહેતાને સાહિત્ય વાચપતિ એવોર્ડ એનાયત થયોઆ એવોર્ડ હિન્દીની પ્રતિષ્ઠિત સંસ્થા 'હિન્દી સાહિત્ય સમ્મેલન પ્રયાગ' દ્વારા અપાય છે.

**15 March-2015**

૧) ગાંધીજી પ્રતિમા : લંડનની પાર્લામેન્ટ સ્કવેર પર બિગબેન ટાવરની સામે મહાત્મા ગાંધીનું પુતળુ ખુલ્લું મુકવામાં આવ્યું પ્રતિમાનું અનાવરણ કરવાના સમારોહમાં બ્રિટનના વડાપ્રધાન ડેવિન કેમરૂન ભારતના નાણાપ્રધાન અરૂણ જેટલી તેમજ બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન હાજર રહ્યા હતાંગાંધીજીની આ પ્રતિમા 9 ફુટ ઊંચી છે.

૨) 15 માર્ચ : વિશ્વ ગ્રાહક અધિકાર દિન.

૩) અમદાવાદ – ગાંધીનગર મેટ્રો રેલ : મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા અમદાવાદ- ગાંધીનગર મેટ્રોરેલના પ્રથમ ફેઝના વસ્ત્રાલ રૂટનું ખાતમુહૂર્તકરાયું.

૪) મેજર જનરલ સંજીવ શુકલા: ગુજરાત અને દાદરા નગર હવેલી તથા દમણ અને દીવને આવરી લેતા એનસી.સી.ના વડા તરીકે મેજર જનરલ સંજીવ શુકલાની નિયુકતિ કરવામાં આવી છે

૫) બ્રેન્ડન ટેલર : ઝિમ્બાબ્વે ક્રિકેટર. વર્લ્ડકપમાં ભારત સામેની મેચમાં સદી ફટકારી બ્રેન્ડન ટેલરે નિવૃતિ જાહેર કરી

**16 March-2015**

૧) નારાયણભાઇ દેસાઇ : પ્રખર ગાંધીવાદી નારાયણભાઇ દેસાઇનું 90 વર્ષની વયે અવસાન. જન્મ : 24 ડિસેમ્બર 1924

તેઓએ ચાર ભાગમાં 'મારૂ જીવન એજ મારી વાણી' નામે ગાંધીજીનું પૂર્ણજીવનચરીત્ર આલેખ્યું હતું તેઓ પોતાના માટે ગાંધીજીનો ' ખેપિયો' એવો શબ્દ વાપર્યો હતો. નારાયણ દેસાઇએ કુલ 118 ગાંધીકથા કરી, માત્ર ભારતમાં જ નહીં પરંતુ દેશ બહાર પણ ગાંધી વિચારોને જીવંત રાખ્યા હતાં પિતા: મહાદેવભાઇ દેસાઇ, માતા: દુર્ગાદેવી

તેમને મળેલા એવોર્ડ્સ : (૧) વર્ષ 1993માં ' અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ માટે સાહિત્ય અકાદમી એવોર્ડ. (૨) વર્ષ 1998માં અહિંસાના પક્ષધર તરીકે યુનેસ્કોનું મદનજીતસિંહ પ્રાઇઝ (૩) સમાજસેવા માટે જમનાલાલ બજાજ એવોર્ડ વર્ષ 1999. (૪) વર્ષ 2001માં ગુજરાતી સાહિત્ય લેખન માટે રણજીતરામ સુવર્ણચંદ્રક. (૫) વર્ષ 2004માં ગાંધી ચરિત્ર માટે જ્ઞાનપીઠ તરફથી મૂર્તિદેવી એવોર્ડ

૨) સ્વિસ ટુર્નામેન્ટ : બેડમિંટન વિજેતા : ભારતના કિદામ્બી શ્રીકાંતે સ્વિસ ગ્રાંપ્રિ ગોલ્ડ બેડમિંટન ટુર્નામેન્ટ જીતી લીધી છે. હરીફ : વિકટર એકસેલસન (ડેનમાર્ક)

www.vivekanandacademy.org

૩)	ઓસ્ટ્રેલિયન ગ્રાં.પ્રિ : ફોર્મુલા વન રેસ  મર્સિડેઝ ડ્રાઇવર લુઇસ હેમિલ્ટને સત્રની પ્રથમ ફોર્મ્યુલા વન રેસ ઓસ્ટ્રેલિયન ગ્રાં.પ્રિમાં ટાઇટલ જીતવાની સાથે સત્રની શરૂઆત કરી છે.

**17 March-2015**

૧)	દુનિયાનું પહેલું કૃત્રિમ હદય જે ધબકયા વગર કામ કરશે: ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકોએ દુનિયાનું પહેલું બાયોનિક હદયને વિકસિત કર્યું છે જે કોઇપણ જાતના ધબકારા વગર લોહીને શરીરના અંગો સુધી સરળતાથી પહોંચાડશે આ કૃત્રિમ હદયનું પરિક્ષણ હાલ સ્વસ્થ ઘેટા પર કરી સફળતા મેળવી છે. આ બાયોનિક હદયને ઓસ્ટ્રેલીયાના એન્જીનિયર ડૉ.ડેનિયલ ટિમ્સે વિકસીત કર્યું છે

૨)	આશુ સુયશ: દેશની ટોચની રેટીંગ એજન્સી ક્રિસિલના એમ.ડી અને સીઇઓ તરીકે આશુ સુયશની નિમણુક કરાઇ છે તેઓ રૂપા કુડવાનું સ્થાન લેશે હાલમાં તેઓ એલએન્ડટી ઇન્વે. કંપનીના સી.ઇ.ઓ છે.

૩)	ફેસબુકે સર્ચ એન્જિન ‘ ધ ફાઇન્ડ’ ને ખરીદી ઇ-કોમર્સ ક્ષેત્રમાં ઝંપલાવ્યું : સોશિયલ નેટવર્કિંગ કંપની ફેસબુકે શોપિંગ સર્ચ એન્જિન ‘ ધ ફાઇન્ડ’ ને ખરીદી ઇ-કોમર્સ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ‘ ધ ફાઇન્ડ’ ની સ્થાપના વર્ષ 2006માં સી.ઇ.ઓ. શિવકુમાર અને સીટીઓ શક્તિસિંહ ખંડેલવાલે કરી હતી. બંને ભારતીય મુળનાછે.

www.vivekanandacademy.org